# પ્રસાર ભારતી
# પ્રાદેશિક સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : ૨૧-૦૫-૨૦૧૮ સમય : સવાર : ૭.૦૫ – ૭.૧૫
વાર : સોમવાર

## આકાશવાણી અમદાવાદ – વડોદરા પ્રાદેશિક સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

---

- રાજ્યમાં ૩૮ જેટલા ધોરીમાર્ગ પાછળ ૧૪ હજાર, ૪૮૮ કરોડ રૂપિયાનો ખર્ચ થશે – ૮૭ માર્ગો માટે ગુજરાતને ૧૬૪૯ કરોડ રૂપિયા ફાળવતી કેન્દ્ર સરકાર
- ધોળકા- વટામણ માર્ગને ચારમાર્ગીય કરવાના કામનું ખાતમુહૂર્ત કરાવતા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા તેમજ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા
- ભૂતકાળ બની ચૂકેલી ખળખળ વહેતી ૩૨ નદીઓને પુનઃજીવિત કરવા રાજ્યમાં નદીઓની સફાઈનું અભિયાન- તાપી નદીને પ્રદૂષણ મુક્ત કરવા ૯૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ મંજૂર
- રાજ્ય સરકારે તમામ નકશાઓ ઓનલાઈન કરીને નવી વ્યવસ્થાના ક્ષેત્રે પ્રદાર્પણ કર્યું છે – સુરતમાં સ્માર્ટસીટી સમિટ તથા સ્ટાર્ટઅપ ફેસ્ટિવલનો આરંભ કરાવતા મુખ્યમંત્રી
- અમેરિકામાં વસતા બિન નિવાસી ગુજરાતી પરિવારોને પોતાના ગામ વિસ્તારોમાં તળાવો ઊંડા કરવા સહિતના જળસંચય કામોમાં યોગદાન આપવા આહવાન કરતાં મુખ્યમંત્રી – વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું
- ---

ન્યુઝ બ્રેક - આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ-વડોદરા પરથી સાંભળી રહ્યા છો
સમાચારને અંતે આકાશવાણી-અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા

---------------------

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ, શિપિંગ, રસાયણ અને ખાતર રાજ્યમંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાએ ગઈકાલે ધોળકા-વટામણ માર્ગના વિસ્તૃતીકરણ અને મજબુતીકરણ કાર્યનું ખાતમુહૂર્ત કર્યુ હતું. આ પ્રસંગે સંબોધન કરતા મંત્રીશ્રી મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, દેશના વિકાસ માટે રાજમાર્ગોનું નિર્માણ કરવું અનિવાર્ય છે. વર્તમાન સરકાર રાજમાંર્ગોના નિર્માણ પર વિશેષ ભાર મૂકી રહી છે.

નવા ભારતના નિર્માણ માટે દેશમાં રોડ કનેક્ટિવિટીને પ્રાધાન્ય આપવા સરકારે 'ભારતમાલા' પરિયોજનાને અમલમાં મુકી છે. જે અંતર્ગત પ્રથમ ચરણમાં કુલ ૩૫,૦૦૦ કિમીનાં માર્ગોનું નિર્માણકાર્ય રૂ. ૫,૩૫,૦૦૦ કરોડનાં ખર્ચે કરવા માટેની યોજનાને મંજુરી આપવામાં આવી છે.

ભારતમાલા પરિયોજના હેઠળ આગામી ૩ થી ૫ વર્ષ દરમિયાન હાથ ધરવા લાયક કામોમાં જુદા-જુદા ૫૭૫૧ કિમીની લંબાઈના રાષ્ટ્રીય ધોરીમાર્ગોને તથા ૭ લોજિસ્ટીક પાર્કને રૂ. ૧,૦૨,૧૭૦ના ખર્ચે સૈદ્ધાંતિક રીતે મંજૂર કરાયેલ છે. જે પૈકીનો પ્રથમ લોજિસ્ટીક પાર્ક સુરત ખાતે નિર્માણ પામશે.

ગુજરાતમાં કુલ ૫૦૫૪ કિમીનાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો આવેલા છે. જે પૈકીના ૧૦૯૩ કિમીનાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો એપ્રિલ-૨૦૧૪ પછી તૈયાર થયા છે. ગુજરાતમાં

હાલમાં જુદી-જુદી ૩૮ રાષ્ટ્રીય ધોરીમાર્ગની પરિયોજનાઓ શરૂ છે જેનો કુલ અંદાજીત ખર્ચ રૂ. ૧૪,૪૮૮ કરોડ છે. આ ઉપરાંત ૨૧૪૮ કિમી જેટલા માર્ગોને સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવી છે જેનો અંદાજીત ખર્ચ રૂ. ૨૫,૦૦૦ કરોડ છે. ભારત સરકાર દ્વારા **CRF** (સેન્ટ્રલ રોડ ફંડ)માંથી અમદાવાદ જીલ્લા માટે કાર્યો મંજૂર કરવામાં આવ્યા છે.

જેમાં પાંસઠ કરોડ રૂપિયાના ખર્ચે અમદાવાદ – બોટાદ- ધંધુકા માર્ગ પર રેલવે ઓવરબ્રીજ, સાંઈઠ કરોડ રૂપિયાના ખર્ચે વિરમગામ થી થલતેજ, શિલજ માર્ગ પર રેલવે ઓવરબ્રિજ, અડતાલીસ કરોડ રૂપિયાના ખર્ચે અમદાવાદ – નવાપુરા – સરોડા, ધોળકા રોડસ, બાવન કરોડ રૂપિયાના ખર્ચે ધોળકા – વટામણ માર્ગનું વિસ્તૃતીકરણ અને મજબૂતીકરણ તથા પસાચ કરોડ રૂપિયાના ખર્ચે વિરમગામ, માંડલ, દસાડા માર્ગનું વિસ્તૃતીકરણ અને મજબૂતીકરણના કામોનો સમાવેશ થાય છે.

---------------------

કેન્દ્રીય માર્ગ વાહન વ્યવહાર અને ધોરીમાર્ગ રાજ્યમંત્રી મનસુખ માંડવીયા અને રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ પચાસ કરોડ રૂપિયાના ખર્ચે ધોળકા, વટામણ માર્ગને ચાર માર્ગીય કરવાના કામનું ખાતમુહૂર્ત કર્યુ હતું.

આ પ્રસંગે વિકાસકામોની વિગતો આપી શ્રી ચૂડાસમાએ જણાવ્યું કે, રસ્તાઓના વિકાસ કાર્યોએ ધોળકા – ધોલેરા વિસ્તારને વિકાસનું નવું પરિમાણ બક્ષ્યું છે, માત્ર ચાર – પાંચ ગામ નહીં પણ સમગ્ર વિસ્તારને લાભ થશે તથા અનેક યુવાનોને રોજગારી

મળશે. લોથલને હેરીટેજ બનાવવાની જાહેરાતનો ઉલ્લેખ કરી શ્રી ચૂડાસમાએ જણાવ્યું હતું કે, આ તમામ કાર્યોથી આ વિસ્તારનો વિકાસ થશે, અને નાગરિકોને તેનો લાભ થશે.

આ પ્રસંગે ઉપસ્થિત કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાએ જણાવ્યું કે, સાત સો પચાસ કરોડ રૂપિયાના ખર્ચે નારી ચોકડી – ધોલેરા – પીપળીના માર્ગને છ માર્ગીય રાષ્ટ્રીય ધોરીમાર્ગને મંજૂરી આપવામાં આવી છે, તથા આ વિસ્તારમાં નવો એક્સપ્રેસ – ધોરીમાર્ગ પણ બનાવવાનો છે. શ્રી માંડવીયાએ ઉમેર્યું કે, દેશમાં ચૌદ હજાર કરોડ રૂપિયાના ખર્ચે રાષ્ટ્રીય ધોરીમાર્ગ બની રહ્યા છે. હાલ રોજના અઠ્ઠાવીસ કિલોમીટરના રસ્તાઓના કામો ચાલી રહ્યા છે. કેન્દ્ર સરકારે રસ્તાઓના વિકાસને અગ્રતા આપી છે, અને વર્ષ ૨૦૨૨ સુધીમાં વધુ એક લાખ કિલોમીટર માર્ગ બનાવાશે.

---------------------

તાપી નદીને કાયમી પ્રદૂષણ મુક્ત કરવા ૯૦૦ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ રાજ્ય સરકારે મંજૂર કર્યો છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સુરત શહેરના સરથાણા ખાતે તાપી નદીના કિનારે જળકુંભી કાઢવાની કામગીરીને નિહાળી હતી. તેમણે જણાવ્યું કે, ગુજરાતની તરસી ધરતીને તૃપ્ત કરવાનું જનઅભિયાન રાજ્યના ધરતીપુત્રોએ ઉપાડ્યું છે. તેમણે કહ્યું કે, ભૂતકાળ બની ચૂકેલી ખળખળ વહેતી ૩૨ નદીઓને પુનઃ જીવિત કરી ભાવિ પેઢીને દુષ્કાળના ઓછાયાથી મુક્ત કરવા અભિયાન ઉપાડ્યું છે.

શહેરમાંથી પસાર થતી નદીઓનું પ્રદૂષણ અટકાવવાના અભિયાન અંતર્ગત અનેક નદીઓની સફાઈ થઈ રહી છે ત્યારે સુરત મહાનગરપાલિકાએ પણ જળઅભિયાનમાં ૧૮,૦૦૦ મેટ્રીક ટન જળકુંભી કાઢવાનું ઉમદા કાર્ય કર્યું છે. આ તકે સુજલામ સુફલામ જળસંચય અભિયાનમાં સુરતના દાતાઓ તરફથી ૮૮.૫૩ લાખના ચેક મુખ્યમંત્રીને અર્પણ કરાયા હતા.

---------------------

રાજ્યમાં દરિયાના ખારા પાણીને મીઠું કરવા સાતસો કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નવસારી જિલ્લાના ચીખલી રાનકુવા ખાતે તળાવ ઊંડું કરવાની કામગીરીનો પ્રારંભ કરાવી, ગુજરાતની ભાવી પેઢી જય શ્રી કૃષ્ણ સાથે જળ શ્રીકૃષ્ણનું પઠન કરે એવી પરિસ્થિતિનું નિર્માણ કરવા રાજ્ય સરકાર દૃઢનિશ્ચયી છે તેમ જણાવ્યું હતું. સુજલામ સુફલામ યોજના હેઠળ રાજ્યમાં થઈ રહેલા કામોનો ઉલ્લેખ કરતાં શ્રી રૂપાણીએ જણાવ્યું કે, જળ અભિયાનએ ભવિષ્યની પેઢીનું ભાવિ નિર્માણ કરનારૂં સાર્વજનિક અભિયાન છે. આ સેવા યજ્ઞમાં સાડા ત્રણ હજારથી વધુ સંસ્થાઓ જોડાઈ છે. જ્યારે સાડા ત્રણ લાખ જેટલા શ્રમિકો શ્રમદાન કરી રહ્યાં છે.

શ્રી રૂપાણીએ વધુમાં ઉમેર્યું કે, શહેરોમાં ડ્રેનેજના પાણીને રીસાયક્લિંગ કરવા અંગે નવી પોલીસી ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે, અને આ પાણીને ખેતી, ઉદ્યોગ તથા બાંધકામ ક્ષેત્રે ઉપયોગમાં લેવામાં આવશે. આ ઉપરાંત દરિયાના ખારા પાણીને મીઠું કરવા સાત સો કરોડ રૂપિયાની મંજૂરી આપવામાં આવી છે. જે અંતર્ગત જામનગરના

જોડીયા ખાતે રોજના દશ હજાર કરોડ લીટર પાણી મીઠું કરવામાં આવશે. નવસારી જિલ્લામાં જળ અભિયાન અંતર્ગત બસો ઈકોતેર જેટલા કામો ચાલી રહ્યા હોવાનો ઉલ્લેખ કરી જળ અભિયાનમાં જોડાયેલા સર્વે નાગરિકોની સરાહના કરી હતી. આ પ્રસંગે મુખ્યમંત્રીએ દોડીયા તળાવ રાનકૂવા ખાતે ભૂમિપૂજન કરી શ્રમદાન કરતાં શ્રમિકોને સુખડી અને છાસનું પણ વિતરણ કર્યું હતું.

---------------------

રાજ્ય સરકારે તમામ નકશાઓ ઓનલાઈન કરીને નવી વ્યવસ્થાના ક્ષેત્રે પદર્પણ કર્યું છે. મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ ગઈકાલે સુરત મહાનગરપાલિકાના ૪૨૯ કરોડ રૂપિયાની વિવિધ યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું હતું કે, ટી.પી. સ્કીમો ઝડપથી તથા છ માસમાં પૂર્ણ કરવાનો નિર્ધાર રાજ્ય સરકારે કર્યો છે.

આ યોજનાઓમાં આશરે ૩૧ કરોડ રૂપિયાના ખર્ચે બંધાયેલ સુડા ભવનનું લોકાર્પણ, કોસાડ ખાતે બીઆરટીએસનો વર્કશોપ, સરથાણ – વાલક ખાતે એક હજાર, ૮૩૮ લાખ રૂપિયાના ખર્ચે બંધાનાર વરાછાના સબ ઝોન વહીવટી ભવનનું ખાતમુહૂર્ત, શાળાનું વિસ્તૃતીકરણ, જળ વિતરણ જેવી વિવિધ વિકાસ યોજનાઓનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, વિમાનમથક જેવી સુવિધાઓવાળા છ બસ સ્ટેશનોનું નિર્માણ પૂર્ણ થયું છે, અન નવા નવ બસ સ્ટેશનોનું નિર્માણ થઈ રહ્યું છે. તેમણે અંતરિયાળ વિસ્તારોમાં મીની બસોમાં વધારો કરાશે, તેમ જણાવીને રાજ્ય સરકારે લીધેલાં અન્ય નાગરિક લક્ષી

નિર્ણયોની વિગતો આપી હતી. આરોગ્ય રાજ્યમંત્રી કિશોરભાઈ કાનાણી અને અન્યોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા.

---------------------

સુરતમાં સ્માર્ટ સીટી સમિટ તથા સ્ટાર્ટ અપ ફેસ્ટિવલનો આરંભ થયો છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગઈકાલે આ ફેસ્ટિવલનો આરંભ કરાવતા જણાવ્યું હતું કે, લોકો સાથે સંકળાયેલી સમસ્યાઓનો ટેકનોલોજીના માધ્યમથી ઉકેલ લાવવો એને જ સાચુ સ્ટાર્ટઅપ કહેવાય.

તેમણે નાગરિક ત્યાં સુવિધા અને વ્યથા નહીં પણ વ્યવસ્થાના મંત્ર સાથે ગુજરાતના શહેરોને આંતરરાષ્ટ્રીય કક્ષાના બનાવવાની નેમ વ્યક્ત કરી હતી. શ્રી રૂપાણીએ કહ્યું કે, કેન્દ્ર સરકારે સ્માર્ટ સિટિ તરીકે વિકસાવવા હેતુથી પસંદ કરેલા શહેરોની સૂચીમાં રાજ્યના છ શહેરોનો સમાવેશ થાય છે.

કેન્દ્રિય વાણિજ્ય રાજ્યમંત્રી સી.આર. ચૌધરીએ સ્ટાર્ટઅપ યોજનાનો હેતુ સમજાવ્યો હતો. તેમણે કહ્યું કે, સ્ટાર્ટઅપ ઈન્ડિયાના માધ્યમથી ઉદ્યોગ જગત તથા અર્થતંત્રને નવું બળ આપવાના પ્રયાસો થઈ રહ્યા છે.

તેમણે કહ્યુ કે, દેશના યુવાનો નવી કલ્પનાઓ સાથે આગળ આવશે, તો કેન્દ્ર સરકાર તેમને પૂરતો સહકાર આપશે. સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ પ્રસંગે દેશભરમાં શરૂ થયેલા અને શ્રેષ્ઠ સ્ટાર્ટઅપ તરીકે તારવી કઢાયેલા ૧૦૦ ઉદ્યોગ સાહસિકોને મુખ્યમંત્રીના હસ્તે પુરસ્કાર આપવામાં આવ્યા હતા. શ્રી રૂપાણીએ આ પ્રસંગે માય સુરત સિટિઝન એંગજમેન્ટ વેબ પોર્ટલ તથા મોબાઈલ એપઅને સુરત મની કાર્ડનો આરંભ કરાવ્યો હતો.

---------------------

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અમેરીકામાં વસતા બિન નિવાસી ગુજરાતી પરીવારોને પોતાના વતન ગામ વિસ્તારોમાં તળાવો ઉંડા કરવા સહિતના જળસંચયના કામોમાં યોગદાન આપવા આહવાન કર્યુ છે.

મુખ્યમંત્રીએ ગઈકાલે વિડીયો કોન્ફરન્સીંગ માધ્યમથી બિન નિવાસી ગુજરાતી પરીવારોનો સંપર્ક સાધ્યો હતો. અમેરીકામાં વસતા ગુજરાતી પરિવારો દ્વારા ત્યાં ઉજવાઈ રહેલા ગુજરાત ગૌરવ દિવસ નિમિત્તે શ્રી વિજય રૂપાણીએ સંબોધન કરતા ગુજરાતના સર્વગ્રાહી વિકાસની ગાથા પ્રસ્તુત કરી હતી. તેમણે આવતા વર્ષે ૧૮ થી ૨૦ મી જાન્યુઆરી દરમ્યાન યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત શીખર પરિષદમાં ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યું હતું.

---------------------

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સુરતના ગોડાદરા ખાતે શૌર્યના પ્રતિક સમાન મહારાણા પ્રતાપની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું.

શ્રી રૂપાણીએ મહારાણા પ્રતાપના કાર્યનો પરિચય આપીને જણાવ્યું હતું કે, આદર્શ અને કર્તૃત્વવાન જીવન જીવનાર મહારાણા પ્રતાપે દેશના કરોડો લોકોને પ્રેરણા પૂરી પાડી છે. તેમણે મહારાણા પ્રતાપને દેશ, ધર્મ અને સંસ્કૃતિના માટે સમર્પણના પ્રતિક તરીકે ઓળખાવ્યા હતા. મહારાણાની પ્રતિમા માટે જમીનનું દાન આપનાર દાતા ભરતસિંહ સિસોદીયાનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

---------------------

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય કવિ રમેશ પારેખની પુણ્યતિથી  નિમિત્તે અમરેલીમાં સ્મૃતિવંદના કાર્યક્રમ યોજાઈ ગયો.

આ પ્રસંગે બાળભવનના સંગીત વર્ગના બાળકો દ્વારા કવિ રમેશ પારેખ રચિત કવિતાઓનું ગાન કરાયું હતું. તથા કળાવર્ગના બાળકો દ્વારા કવિના રેખા ચિત્રોમાં રંગપૂર્તિ કરાઈ હતી.

આ પ્રસંગે કવિ હર્ષદ ચંદારાણ, સ્નેહી પરમાર, કાલીન્દી પરીખ વગેરેએ કવિ રમેશ પારેખની સાહિત્ય સંવદાઓનો પરિચય કરાવ્યો હતો.

---------------------

રાજ્યમાં ફરી વળેલું ગરમીનું મોજું યથાવત રહ્યું છે, અને છેલ્લાં ૨૪ કલાકમાં ૧૧ સ્થળોએ તાપમાન ૪૦ ડિગ્રી કે તેથી વધુ નોંધાયું છે.

સૌથી વધુ ૪૩.૮ ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું. આ ઉપરાંત અમદાવાદ, ડીસા, ગાંધીનગર, અમરેલી અને રાજકોટમાં ૪૩ ડિગ્રી, ભુજ, વલ્લભ વિદ્યાનગર, વડોદરા અને કંડલા એરપોર્ટ વિસ્તારમાં ૪૨, ભાવનગરમાં ૪૦, નલિયામાં ૩૮ અને મહુવામાં ૩૭ ડિગ્રી સેલ્સીયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું.

ગઈકાલે લઘુત્તમ તાપમાન પણ ૨૨ થી ૨૮ ડિગ્રી સેલ્સીયસ નોંધાયું હતું.

હવામાન વિભાગની યાદીમાં જણાવ્યા મુજબ ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં આગામી ૪૮ કલાકમાં મહત્તમ તાપમાન ૪૧થી ૪૪ ડિગ્રી સેલ્સીયસ રહેવાની સંભાવના છે.

---------------------